Sl.No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 11

No. of Printed Pages – 07

SS–24–Gujarati Sah.

# उच्च माध्यमिक परीक्षा, 2016

# SENIOR SECONDARY EXAMINATION, 2016

## गुजराती साहित्य

**समय** : 3¼ **घण्टे**

**पूर्णांक** : 80

પરીક્ષાર્થીઓ માટેના સામાન્ય નિર્દેશ:

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

Tear Here

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

यहाँ से काटिए

1) નીચેનો ગદ્યખંડ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

ગદ્યખંડઃ- ''પ્રાણીમાત્ર તરફ સમભાવ, અનુકૂળ ભાવ રાખવો તે અહિંસા. મનુષ્ય જ નહિ પરંતુ પશુપક્ષી, કૃમિકીટ આદિ તમામ જીવો પ્રત્યે એ ભાવના કાયમ રહેવી જોઈએ. આપણાં દેશમાં પશુપક્ષીઓને ન મારવાં અને બનતાં સુધી કૃમિકીટોને પણ બચાવી લેવાં એટલો જ અહિંસાનો અર્થ માનવામાં આવતો હતો. કોઈનું ખૂન કરવું એ તો હિંસા છે જ; પરંતુ કોઈ માણસના શ્રમનો અનુચિત લાભ ઉઠાવવો એ પણ હિંસા છે. દુનિયામાં ચાલતી સૌથી મોટી હિંસા એ છે. એમાંથી જ યુધ્ધ વગેરે હિંસાનાં ભયાનક રૂપો પ્રગટ થાય છે. પોતાનાં સુખ, આરામ અને ફાયદાને માટે બીજાનાં સુખ, આરામ અને હિત પ્રત્યે બેદરકાર બનવું એ છે રોજની હિંસા. એનાથી બચવા માટે રોજ પોતાના અંતરને ઢંઢોળી જોવું જોઈએ કે મેં મારા કોઈ સાથી પ્રત્યે અનુદાર વર્તન તો નથી કર્યું ? એને કાચી રોટલી આપીને મેં પોતાના માટે પાકી રોટલી તો નથી લીધી ? પોતાની જાત ચોરીને બીજાના ઉપર કામનો બોજો તો નથી નાખ્યો ? પોતાના પાડોશીને બીમાર જોયાં છતાંય તેની સેવાને માટે જવાનું મેં ટાળ્યું તો નથી ? આ બધાં હિંસાનાં લક્ષણ છે.

પ્રશ્નોઃ-

1) સામાન્ય માણસ અહિંસાનો શો અર્થ કરે છે ? **[2]**

2) લેખકના મતે હિંસાનો શો અર્થ છે ? **[2]**

3) નિત્ય જીવનમાં માનવી ક્યાં ક્યાં હિંસા કરી બેસે છે ? **[2]**

4) અદશ્ય હિંસાના બે ઉદાહરણ આપો. **[2]**

5) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **[2]**

**2)** નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર 200 થી 250 શબ્દોમાં નિબંધ લખો. **[10]**

1) મોંઘવારી

2) નવરાત્રી

3) બેટી બચાવો

4) જનસેવા એ જ પ્રભુ સેવા

**3)** નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી યોગ્ય શિર્ષક આપો. **[5]**

''એક રાજા - એશ આરામવાળી જિંદગી - ઊંઘ ન આવવી - ચિંતા થવી - અનેક વૈદ્દોને બોલાવવા - અનેક પ્રકારની દવા કરાવવી - રોગ દૂર ન થવો - એક વૈદનું દરબારમાં આવવું - દવા બતાવવી - કહ્યું 'ગેડી દડો રમો અને આ ભૂકી લેવી - રાજાએ દવા કરવી - ઠીક થઈ જવું - વૈદને ઈનામ આપવું.

**4)** તમે જ્ઞાનપીઠ છાત્રાવાસ ઉદયપુરમાં રહીને અભ્યાસ કરો છો. તમારો નાનાભાઈ રમેશની પસંદગી રાજ્ય સ્તરીય ક્રિકેટ ટીમમાં થઈ છે તો તેને અભિનંદન આપતો પત્ર લખો. **[5]**

**5)** અ) રૂપક અલંકારની સદૃષ્ટાંત વ્યાખ્યા લખો. **[2]**

અથવા

ઉપમા અલંકારની સદૃષ્ટાંત વ્યાખ્યા લખો.

બ) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. **[2]**

– આસમાન તૂટી પડવું.

ક) 1) નકાર વાક્ય બનાવો. **[1]**

– હું નિયમિત પ્રાર્થના કરું છું.

2) પ્રશ્નવાક્ય બનાવો. **[1]**

– આપણે કોટા જઈશું.

3) વિધાન વાક્ય બનાવો. **[1]**

અદ્ભૂત ! પ્રકૃતિનું સુંદર દશ્ય !

ડ) નીચેના વાક્યોનું શુદ્ધિકરણ કરો. **[3]**

1) જઈને તમે આવો સોમનાથ.

2) પ્રાચીન નામ અમદાવાદનું કર્ણાવતી છે.

3) જળવાઈ શિસ્ત ક્યાં છે રહે ?

**6)** નીચેનો પઠિત ગદ્યખંડ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

''એક વરસ આખા ગુજરાતમાં ભયંકર અતિવૃષ્ટિ થઈ, સાત દિવસ સુધી અનરાધાર વરસાદ વરસ્યો. પવનને વરસાદ બન્નેનું જોર ! બધી નિશાળો બંધ, કચેરીઓ બંધ, વેપારીઓના વેપાર બંધ, ટ્રેનો બંધ, વર્તમાનપત્ર બંધ. કોઈને કશી ખબર ના પડે કે બહાર શું થાય છે ? કોઈ કોઈને મદદ ના કરી શકે, જાણે શું થશે તેનો ભય બધાને લાગે. જગતનો પ્રલય પાણીથી જ થાય છે. સર્વ દેવોમાં વાયુ સૌથી બળવાન છે એમ સર્વેને લાગતું હતું.

પ્રશ્ન-1 ગુજરાતમાં કેવી પ્રાકૃતિક આપદા આવી હતી ? **[2]**

પ્રશ્ન-2 અતિવૃષ્ટિથી જાહેર જીવન પર કેવી અસર થઈ હતી ? **[2]**

પ્રશ્ન-3 અતિવૃષ્ટિના કારણે લોકોને કેવો ભય લાગતો હતો ? **[2]**

**7)** નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. **[8]**

1) જયંતનું પાત્રાલેખન 'કાંચન અને ગેરું' પાઠના આધારે કરો.

2) ચંદ્રવદનની ભણવાની કમજોરીને કારણે તેના પરિણામ પર થયેલી અસરો જણાવો.

3) નોકરનું પહેલું કામ કયું કયું હતું ?

4) નવગ્રહોનાં નામ લખો.

5) લેખકે ઈન્દ્રેશ્વર સુધીના સાઈકલ પ્રવાસ દરમિયાન રસ્તામાં શું શું જોયું ?

6) લેખક આથમણી દિશામાં શું શું જોઈને દંગ રહી ગયા ?

**8)** નીચેના પાત્રોને વિશે પાઠના આધારે ટૂંક નોંધ લખો. (કોઈપણ એક) **[6]**

1) માજીનું પાત્ર

2) ચંદ્રવદનના મામાજી

**9)** નીચેનામાંથી કોઈપણ <u>બે</u> પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો. (બાર થી પંદર વાકયમાં) **[8]**

1) 'મને એજ સમજાતું નથી' કાવ્યનો ધ્વનિ સ્પષ્ટ કરો.

2) 'તડકો' કાવ્યમાં તડકાનાં સ્વરૂપનો અર્થ આપો.

3) 'બોલ મા' કાવ્યમાં મીરાંબાઈના કૃષ્ણપ્રેમ પર ચર્ચા કરો.

**10)** નીચેનામાંથી કોઈપણ <u>બે</u> પ્રશ્નોના જવાબ ચાર થી છ વાકયમાં લખો. **[8]**

1) 'કુંવરબાઈનું મામેરું' કાવ્યના આધારે નરસિંહ મહેતાની આર્થિક પરિસ્થિતિ જણાવો.

2) 'જનની' કાવ્યમાં કવિ બોટાદકરે કરેલ માની મમતાનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

3) સમજાવોઃ-

''છે ગરીબોના કૂબામાં તેલ ટીપૂંય દોહ્યલું

ને શ્રીમંતોની કબર પર ઘીના દિવા થાય છે.''

**11)** નરસિંહ મહેતા અથવા પ્રેમાનંદના સાહિત્ય જીવન અને કવન પર નોંધ લખો. (દશ થી બાર વાકયમાં) **[4]**

♦♦♦♦